# અધ્યાપન કાર્ય માટે પ્રવર્તમાન પરિસ્થિતિમાં પડકારરૂપ મહત્ત્વપૂર્ણ કૌશલ્યો

ડૉ. ભાવનાબેન એમ. પટેલ
રેવાબા સાર્વજનિક એજ્યુ. એમ.એડ.) કોલેજ, મહેસાણા

**સારાંશ**

*શિક્ષણ જગત માટે વર્તમાન યુગ અનેક રીતે પડકારોથી ભરેલો છે. શિક્ષણ સુધારણા માટે કેટકેટલાં પંચો નિમાયાં તથા કરોડો રૂપિયા ખર્ચાયા છતાં આદર્શ રાષ્ટ્ર નિર્માણનું ધ્યેય સિદ્ધ થતું નથી. પરીક્ષાલક્ષી બની ગયેલા અભ્યાસક્રમને જીવનલક્ષી બનાવવા માટે શિક્ષકોમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ કૌશલ્યો અપેક્ષિત છે તેની છણાવટ આ અભ્યાસપત્રમાં કરેલ છે.*

૧. પ્રકૃતિપ્રેમ વિકસાવવાનું કૌશલ્ય
૨. વાચનપ્રેમ વિકસાવવાનું કૌશલ્ય
૩. તન-મન-હૃદયની કેળવણીનું કૌશલ્ય
૪. મૂલ્યસિંચનનું કૌશલ્ય
૫. સંસ્કાર સિંચનનું કૌશલ્ય
૬. અમૂર્ત ખ્યાલો સ્પષ્ટ કરવાનું કૌશલ્ય
૭. વર્ગ વ્યવહારનું કૌશલ્ય
૮. ટેકનોલોજીના ઉપયોગનું કૌશલ્ય
૯. મનોપચારનું કૌશલ્ય
૧૦. સંશોધનનું કૌશલ્ય

*વર્તમાન સમયમાં શિક્ષક અને વિદ્યાર્થી બન્ને પક્ષે પરસ્પર ફરિયાદો વધી રહી છે. વિદ્યાર્થીનું શિષ્યત્વ લુપ્ત થઈ રહ્યું છે અને શિક્ષક ગુરુત્વની ગરિમા ગુમાવી રહ્યો છે ત્યારે આ પરિસ્થિતિના ઉકેલમાં શિક્ષક પક્ષે ઉપરોક્ત કૌશલ્યોની અનિવાર્ય આવશ્યકતા ઊ થયેલ જણાય છે.*

## ૧. પ્રસ્તાવના

*"દરેક કૂંપળને કમ્પ્યુટર ફરજિયાત શીખવાનું,*
*લખી જણાવો વાલીઓને તુર્ત જ ફી ભરવાનું."*

કૃષ્ણ દવેની આ પંક્તિઓમાં આધુનિક શિક્ષણ જગતની નક્કર વાસ્તવિકતા પર જબરદસ્ત કટાક્ષ જોવા મળે છે. નૂતન વર્ષ જ્યારે હજારો નવી આશાઓનો થાળ ભરીને આવી ગયું છે ત્યારે તેનું સ્વાગત જેટલું આનંદદાયક છે તેટલું જ પડકારોથી ભરેલું પણ છે. આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિને વધુ ગુણવત્તાયુક્ત અને વૈવિધ્યસભર બનાવવી પડશે. પ્રાથમિક શિક્ષણથી શરૂ કરીને યુનિવર્સિટી શિક્ષણ સુધીનું આખું માળખું બદલવાનો સમય પાકી ગયો છે. શિક્ષણ સુધારણાના નામે કેટકેટલાં પંચો નિમાયાં અને કરોડો રૂપિયા ખર્ચાયા છતાં આદર્શ રાષ્ટ્રનિર્માણનું ધ્યેય સિદ્ધ થતું નથી. પરીક્ષાલક્ષી બની ગયેલા અભ્યાસક્રમને જીવનલક્ષી બનાવવાના અનેક પ્રયત્નો છતાં હજુ સફળતા મળતી નથી. વિદ્યાર્થીઓ પ્રત્યેની આપણી ફરિયાદો વધતી જ જાય છે. આજના વિદ્યાર્થીઓ ભણવામાં સાવ આળસુ છે, મહેનત વગર જ મેળવવું છે, વડીલો પ્રત્યે આદર જ નથી, ટી.વી-ચેનલોમાં ચીટકી જ રહે છે. માત્ર ગોખણપટ્ટી જ આવડે છે, ડીગ્રીથી જ મતલબ છે અને જ્ઞાનની

સમજ જ નથી. અધ્યયનશીલ સ્વભાવ જ નથી, વાંચનનો શોખ જ નથી, શિક્ષકોમાં શ્રધ્ધા જ નથી, જીવનનું ધ્યેય જ નથી વગેરે વગેરે. પરંતુ તેનું મૂળ ક્યાં રહેલું છે? આજના શિક્ષકની કાર્ય પધ્ધતિ અંગેના એક સંશોધનમાં જાણવા મળ્યુ છે કે શિક્ષક આલમમાં ૧૦ થી ૧૫ ટકા શિક્ષકો સ્વયં સ્ફુરણાથી અને સમર્પણથી કાર્ય કરે છે. જ્યારે બીજા ૧૦ થી ૧૫ ટકા શિક્ષકો અન્યને કામ કરતા જોઈને કામ કરે છે, પરંતુ ૭૦ ટકા શિક્ષકો હતપ્રભ અને નિષ્પ્રાણ થતા જાય છે. એમનુ સામર્થ્ય ઓસરતું જાય છે. શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા નિર્ણાયક બની રહે છે, તેમની ક્ષમતા, સજ્જતા, સક્રિયતા અને જીવંતતા જ સફળતાને ખેંચી લાવે છે. સમાજના ઘડતરની જવાબદારી શિક્ષણ સંસ્થાઓના માથે મૂકેલ છે. શાળા સમાજની લઘુ આવૃત્તિ છે. જેવી શાળા એવો સમાજ, જેવું શિક્ષણ એવું રાષ્ટ્ર. તેથી શિક્ષણ પ્રક્રિયામાં પધ્ધતિ, પ્રસાધનો, પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમોને અપાતું વધુ પડતું મહત્ત્વ ઘટાડીને પ્રેમ, પ્રેરણા, પ્રસન્નતા અને માનવતા સાથેની અધ્યાપન પદ્ધતિ અને કૌશલ્યોને મહત્ત્વ આપવાની ખાસ જરૂર છે. જેની અત્રે રજૂઆત કરવામાં આવી છે.

## ૧. પ્રકૃતિપ્રેમ વિકસાવવાનું કૌશલ્ય

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. અબ્દુલ પકીર જૈનુલબ્દીન અબ્દુલ કલામે જ્યાં અભ્યાસ કર્યો હતો એ સ્કવોટ્ઝ સ્કૂલના પ્રવેશદ્વાર પર એક બોર્ડમાં સુંદર વિધાન લખેલું હતું, “કલ્પનાની પાંખોવાળા તમારા બાળપણના દિવસો વ્યર્થ જવા દેશો નહીં, એકવાર ચાલ્યા જાય પછી સોના કે પૈસાથી ખરીદીને તેને પાછા લાવી શકાતા નથી”. આજના બાળકો વિડિયો ગેમ, ટી.વી., વી.સી.ડી., ડી.વી.ડી. માંજ પોતાનું બાળપણ વેડફી રહ્યાં છે. તેઓમાં પ્રકૃતિપ્રેમ વિકસાવવો એ આજની પરિસ્થિતિમાં અનિવાર્ય આવશ્યકતા છે. પ્રકૃતિનાં તત્ત્વોમાંથી જ સહજ જ્ઞાન અને સમજનો વિકાસ શક્ય બને છે તથા વ્યક્તિની વિચારશક્તિ ખીલી ઉઠે છે. શિક્ષકે આસપાસની પ્રકૃતિ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરી તેમને પ્રકૃતિ તરફ પાછા વાળવાનો પડકાર ઝીલવાનો છે તથા તે દ્વારા તેમની સંવેદનશીલતા તથા કલ્પનાશક્તિને ઢંઢોળવાની છે.

## ૨. વાચનપ્રેમ વિકસાવવાનું કૌશલ્ય

Books are our true life companions. રવીન્દ્રનાથ ટાગોરે પણ કહ્યું છે કે “પુસ્તક એ સૌથી મૂલ્યવાન વસ્તુ છે; સુવર્ણ, હીરા, મોતી, માણેક કે રત્ન સુદ્ધાં ઉત્તમ પુસ્તકના તોલે આવી શકે નહીં.” પરંતુ આજે ટેલીવિઝન અને કમ્પ્યુટરના યુગમાં લોકોનો વાચનપ્રેમ ઓસરતો જાય છે ત્યારે વિદ્યાપ્રાપ્તિના આધારસ્તંભ સમો પુસ્તકપ્રેમ વિદ્યાર્થીઓમાં જાગૃત કરવાનું કૌશલ્ય શિક્ષકે દાખવવાનું છે. વર્ગમાં કે વર્ગ બહાર વિદ્યાર્થીને વાચન-પઠનની તકો પૂરી પાડીને સાથે-સાથે ચિંતન-મનન કરતાં શીખવવાનું કૌશલ્ય શિક્ષકે કેળવવું પડશે. વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો ઉપયોગ કરતા કરવાની શિક્ષકની જવાબદારી છે. ઉત્તમ સાહિત્ય વાચનથી પ્રાપ્ત થતા આત્માના આનંદની અનુભૂતિ શું છે તે આજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમજી શકશે તો જ તેઓ ઉમદા જીવનનો દ્રષ્ટિકોણ કેળવી શકશે. ચેન્નઈની ‘તુલિકા પ્રકાશન’ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાંથી શિક્ષકો પ્રેરણા લઈ શકે.

## ૩. તન-મન-હૃદયની કેળવણીનું કૌશલ્ય

શિક્ષણમાં જ્યારે તન-મન-હૃદયની તાલીમનો મધુર સમન્વય થાય ત્યારે જ સર્વાંગિણ વિકાસનું ધ્યેય સિદ્ધ થઈ શકે. તે માટે એવા સુસજ્જ નિષ્ણાત શિક્ષકો તૈયાર કરવાની પણ આવશ્યકતા છે.

શરીર સ્વાસ્થ્ય અને સ્વાવલંબી બનાવનારા શિક્ષણમાં કૃષિકાર્યો, પશુપાલન, ગ્રામોદ્યોગો, ઈલેક્ટ્રોનિક સાધનોનું રીપેરિંગકાર્ય, બાગકામ, કાંતણ-વણાટકામ, ચિત્રકલા, સંગીત-નૃત્યકલા, કમ્પ્યુટર વગેરેનો પણ સમાવેશ કરવો જરૂરી છે.

માનસિક સ્વાસ્થ્ય માટે યોગાસનો, મૌન, ધ્યાન, પ્રાર્થના, વ્યાયામ, વિપસ્યના, પ્રાણાયામ વગેરેની તાલીમ આપવી એ આજની કેળવણીની તાતી જરૂરિયાત છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે “ગોખણપટ્ટીનું શિક્ષણ છોડીને

મનને કેળવવાનું શિક્ષણ આપણે અપનાવીએ." વિશ્વવિદ્યાલયમાં યોગને સ્પેશિયલ વિષય તરીકે સ્થાન મળ્યુ છે એ પ્રશંસ્ય છે. જાતિય શિક્ષણ કરતાં પ્રાણાયામની જાણકારી વિદ્યાર્થી માટે વધુ હિતકારક છે. જીવન અખંડ, સમગ્ર, સર્વસ્પર્શી અને સર્વલક્ષી છે તેથી જ સ્વામી વિવેકાનંદ કહેતા કે, "કેળવણી એટલે મનુષ્યમાં પહેલેથી જ રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ" આજના શિક્ષણમાં જડતા, નિરસતા, સંવેદનહીનતા ઉત્તરોત્તર વધતાં જાય છે ત્યારે હૃદયની સંવેદનશીલતા ખીલવવાની દિશામાં જો આપણે નહીં વિચારીએ તો શિક્ષણ તદ્દન નિરર્થક બની જશે. માનવમાત્રમાં રહેલી દિવ્યતાને પ્રગટાવવાનું જ કેળવણીનું ધ્યેય છે એ ભૂલવું ન જોઈએ. તેથી જ જે. કૃષ્ણમૂર્તિ પણ કહે છે કે "વિદ્યાર્થીને વિશ્વ સાથે અંતરની એકતા અનુભવતાં શીખવવું એ શિક્ષકની જવાબદારી છે."

### ૪. મૂલ્યસિંચનનું કૌશલ્ય

માનવીય મૂલ્યોના આચરણથી જ મનુષ્યમાં સાચી સ્વયં શિસ્ત આવે છે અને રાષ્ટ્રીય તથા વૈશ્વિક જીવન પ્રત્યેની સાચી સમજનો વિકાસ થાય છે. અધ્યાપનકાર્યની સાથે જ સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યો, ધાર્મિક મૂલ્યો, સૌંદર્યાત્મક મૂલ્યો, બૌદ્ધિક મૂલ્યો, શૈક્ષણિક મૂલ્યો, વૈજ્ઞાનિક મૂલ્યો વગેરે જેવાં મૂલ્યોને વણી લઈ તદ્દન સહજ રીતે વિદ્યાર્થીઓમાં એનું સિંચન કરવાનું કૌશલ્ય જેણે કેળવ્યું એ જ સફળ શિક્ષક ગણાય. આજની પેઢીમાં મૂલ્યોનો સદંતર હ્રાસ થતો જોવા મળે છે ત્યારે તે મૂલ્યોનું વિદ્યાર્થીઓમાં સિંચન કરવાનું કૌશલ્ય અને વિદ્યાર્થીઓને મૂલ્યોના આચરણમાં દૃઢ મનોબળવાળા બનાવવાનો પડકાર શિક્ષક સામે છે, તે માટે શિક્ષક પોતે મૂલ્યસભર હોવો જોઈએ.

### ૫. સંસ્કાર સિંચનનું કૌશલ્ય

"વિદ્યા વિનયેન શોભતે". રવિશંકર મહારાજે શિક્ષણ અને સંસ્કૃતિ પુસ્તકમાં શિક્ષણ વિશે કહ્યું છે કે "વિચાર ઘડતર, ભાવના ઘડતર, સુટેવ ઘડતર, ચારિત્ર્ય ઘડતર અને સંસ્કારોનું ઘડતર કરનારા સદ્‌ગુણોને પ્રગટાવે એજ કેળવણી છે." વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં યોગ્ય-અયોગ્યને પારખવાની વિવેકબુદ્ધિ, વડીલો પ્રત્યે આદરભાવ, વેર-ઝેર-ઈર્ષાનો ત્યાગ, શું વિચારવું અને કેવું વિચારવું તથા કેવી રીતે વિચારવું તેની સમજ વિકસાવવાની ખાસ જરૂર છે. વિદ્યાર્થીઓમાં આવા શુભ સંસ્કારોનું ઘડતર કરીને તેમને ચારિત્ર્યવાન બનાવવાનો શિક્ષક સામે પડકાર છે. તે માટે શિક્ષકે શું કરવું પડશે એ તેણે ગંભીરતાથી વિચારવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

### ૬. અમૂર્ત ખ્યાલો સ્પષ્ટ કરવાનું કૌશલ્ય

અધ્યાપનકાર્ય દરમિયાન બાળકો સામે કેટલાક અમૂર્ત ખ્યાલો જેવાકે, સ્વયંવર, પ્રલય, પ્રકાશનું પરાવર્તન અને વક્રીભવન, સરવાળો, બાદબાકી, ગુણાકાર, ગુરુત્વાકર્ષણ વગેરેની સંકલ્પના સ્પષ્ટ કરવી ખૂબ જ અગત્યની બની જાય છે. એમ ન થાય તો અધ્યાપનકાર્ય નિરર્થક બની જાય છે. તેથી શિક્ષકે અમૂર્ત ખ્યાલો સ્પષ્ટ કરવાનું કૌશલ્ય પણ હસ્તગત કરવું જોઈએ.

### ૭. વર્ગ-વ્યવહારનું કૌશલ્ય

અધ્યયન-અધ્યાપન એ દ્વિધ્રુવી પ્રક્રિયા બનવી જોઈએ આ માટે વિદ્યાર્થીઓને સક્રિય બનાવવાની પ્રયુક્તિઓનો અધ્યાપનમાં વિનિયોગ કરતાં આવડવું જોઈએ. ચર્ચા, પરિસંવાદ, પ્રયોગ, વાર્તાલાપ, પ્રોજેક્ટ, જૂથકાર્ય તથા વિદ્યાર્થી સ્વયં શીખે તેવી પ્રયુક્તિઓ અજમાવવી જોઈએ. શિક્ષક વર્ગખંડનો બેતાજ બાદશાહ છે. તેણે પ્રસન્નતાપૂર્વક વિદ્યાર્થીઓ સાથે હળીમળીને વર્ગખંડને જીવંત બનાવવાનો છે. તે પોતાનું સ્વમૂલ્યાંકન કરશે કે પોતે કેવો વર્ગવ્યવહાર કર્યો? તેનાથી પોતાને તથા વિદ્યાર્થીઓને સંતોષ થયો કે કેમ? એ વિશે આત્મચિંતન કરતાં શીખવું પડશે. તેણે યાદ રાખવું કે 'જગ સુધારણા એ ભ્રાંતિ, સ્વ-સુધારણા એ ક્રાંતિ.'

**૮. ટેકનોલોજીના ઉપયોગનું કૌશલ્ય**

*અધ્યાપનકાર્યમાં કેટલીક સરળ ટીચીંગ ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરવાનું કૌશલ્ય શિક્ષકે કેળવવું જરૂરી છે. ઓવરહેડ પ્રોજેક્ટર, સ્લાઇડ પ્રોજેક્ટર, કમ્પ્યુટર સીડી રોમ, ઇન્ટરનેટ વગેરેનો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઉપયોગ કરતાં શીખવું પડશે. વિવિધ પ્રકારની અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓનો વર્ગખંડમાં વિનિયોગ કરવાની તત્પરતા જરૂરી બનશે.*

**૯. મનોપચારનું કૌશલ્ય**

*અધ્યાપનકાર્યની સાથે શિક્ષકે એ ધ્યાનમાં લેવું જોઇએ કે બધા જ વિદ્યાર્થીઓ શિક્ષણકાર્યમાં રુચિ દાખવે છે કે કેમ? રસ ન લઈ શકતા વિદ્યાર્થીને કઈ સમસ્યા નડે છે તે શોધી કાઢવાનું અને તેનો ઉકેલ લાવવાનું મનોપચાર કૌશલ્ય શિક્ષકમાં હોવું અત્યંત આવશ્યક છે. તે સાચા અર્થમાં વિદ્યાર્થીનો હિતેચ્છું અને માર્ગદર્શક બની શકવા સમર્થ હોવો જોઇએ.*

**૧૦. સંશોધનનું કૌશલ્ય**

*વિદ્યાર્થીઓમાં રહેલી વિશિષ્ટ શક્તિઓને ઓળખતાં શિક્ષકને આવડવું જોઇએ. તે મુજબ તેના વિકાસ માટે મદદરૂપ થવા પ્રયત્ન કરવો જોઇએ. આ ઉપરાંત વર્ગશિક્ષણ દરમિયાન ઉદ્ભવતી સમસ્યાઓના ઉકેલ માટે નાનાં-નાનાં ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવાનું કૌશલ્ય કેળવવું જોઇએ. વિદ્યાર્થીના વર્તન-વ્યવહાર પ્રત્યે શિક્ષકે પોતાની વિવેકબુદ્ધિ અને સંશોધક દ્રષ્ટિનો ઉપયોગ કરવાની જરૂર હોય છે. શૈક્ષણિક સમસ્યાઓ વિશે થયેલાં શૈક્ષણિક સંશોધનોનો અભ્યાસ કરી તેમાંથી પ્રેરણા લઇને વિકાસનાં યોગ્ય પગલાં લેવાની તૈયારી દાખવવી જોઇએ. આ બાબતનો પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં જ સમાવેશ કરવામાં આવે તો શૈક્ષણિક સંશોધનોનો યોગ્ય ઉપયોગ શક્ય બને.*

**૧૧. ઉપસંહાર**

*આમ, શિક્ષક સાચા અર્થમાં વિદ્યાર્થીનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠાવાળો હોય તો તેનામાં પ્રવર્તમાન સ્થિતિ સામે અત્રે દર્શાવેલ કૌશલ્યો અનિવાર્ય બની જાય છે. માત્ર આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી કે કમ્પ્યુટર કૌશલ્ય હસ્તગત કરી લેવાથી શિક્ષક સંપૂર્ણ બની જતો નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, "શિક્ષણ દ્વારા માણસ તૈયાર કરવાની પદ્ધતિ અપનાવવી જોઇએ." એ માટે શિક્ષકે એવા ડિવાઇન પાવર હાઉસ બનવાનું છે કે જેમાંથી પ્રત્યેક વિદ્યાર્થીમાં દિવ્યતાનો સંચાર થાય છે. જે કૃષ્ણમૂર્તિએ પણ કહ્યું છે કે, "પ્રેમ અને સદાચાર વિકસાવે એ જ સાચું શિક્ષણ છે." અહીં દર્શાવેલ કૌશલ્યો જે હસ્તગત કરી શકે એ જ સાચા અર્થમાં સફળ શિક્ષક બની શકે અને તેના ગુરુત્વની ગરિમા દેદીપ્યમાન થઈ ઉઠે. ત્યારે જ શિક્ષણ દ્વારા ભારત મજબૂત, મહાન, વિશ્વવિજયી બની શકશે.*

**સંદર્ભ**


૧. અધ્યક્ષ, (૨૦૦૧). સ્વામી વિવેકાનંદ જીવનચરિત્ર. રાજકોટ: શ્રી રામકૃષ્ણ આશ્રમ.

૨. કૃષ્ણમૂર્તિ, જે. (૧૯૯૧). શિક્ષણ સંવાદ. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૩. પંચાલ, મોહનલાલ (૨૦૦૧). ક્લાસરૂમ ટેકનિકો અમદાવાદ: નવભારત સાહિત્ય મંદીર.

૪. પટેલ, મફતલાલ (તંત્રી) (૨૦૦૭). અચલા શૈક્ષણિક માસિક, અંક-૭, ફેબ્રુ. અમદાવાદ: નિશાન ઓફસેટ પ્રા.લિ.